# રણછોડપુરા પ્રાથમિક શાળાના બાળકોનુ ભાવી અધ્ધરતાલ

## તંત્ર અને ગ્રામજનોની લડાઇ બાળકો પર માઠી અસર



પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ગામે શિક્ષિકાની બદલીને લઈને ચોથા દિવસે પણ શાળામાં બાળકો ના આવતા સરસ્વતી ધામ બાળકો વિહોણું બન્યું છે. તંગ અને તંત્રના ઉચ્ચ અધિકારીઓનું પેટનું પાણી પણ હલતું નથી. હાલ તો શાળાના બાળકો શાળા સમયે શાળામાં ના જતા તેમના ભાવી ઉપર માઠી અસર પડી છે.

રણછોડપુરા પ્રાથમિક શાળામાં છેલ્લા ચાર દિવસથી શાળાની શિક્ષિકા સંગીતાબેન પટેલની બદલીને લઈને ગ્રામજનો તથા વાલીઓ દ્વારા શાળાને તાળાબંધી કરવામાં આવી હતી પણ શાળાની શિક્ષિકાઓ દ્વારા પોલિસ ફરીયાદની ધમકી તથા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ગ્રામજનો તથા વાલીઓ વિરૂધ્ધ જાણવા જોગ અરજી કરાતા ગ્રામજનોએ શાળાના તાળા તો ખોલ્યાં છે, પણ છેલ્લા ચાર ચાર દિવસથી રણછોડપુરા પ્રાથમિક શાળા બાળકો વિહોણી બની છે. જવાબદારતંત્રના ઉચ્ચ અધિકારી આટલી મોટી ઘટના બની છતાં સરસ્વતીધામની મુલાકાત પણ લીધી નથી.

ગ્રામજનો અને વાલીઓ પણ શાળાના શિક્ષિકા સંગીતાબેનની બદલીની માંગ સાથે અડીખમ છે ત્યારે હાલ તો તંત્ર અને ગ્રામજનોની લડાઈમાં બાળકોના અભ્યાસ અને ભાવી ઉપર મોટી અસર પડી છે ત્યારે બીજી બાજુ સરકાર દ્વારા લાખ્ખો રૂપિયાનો ખર્ચ શિક્ષણમાં સુધારો લાવવા પાછળ કરવામાં આવે છે પણ હાલ તો રણછોડપુરા સરસ્વતી ધામમાં બાળકોના આવતાં બાળકો વિહોણું બન્યુ છે. આવનાર દિવસોમાં પરીક્ષા સહિત શિક્ષણવર્ષ પૂર્ણ થશે ત્યારે બાળકોને પરીક્ષાલક્ષી અભ્યાસ સહિત ભાવી ઉપર માઠી અસર પડશે.

### રણછોડપુરા ડેપ્યુટી સરપંચ ધુળસિંહનુ શું કહેવું છે

આજે ચોથો દિવસ થયો છતાં તંત્રમાંથી કોઈ અધિકારી અહીં ફરક્યા નથી અને અમે લેખિતમાં ગાંધીનગર નિયામકને લેખિતમાં અમારી રજુઆતો મોકલી આપી છે.

### જિલ્લા શિક્ષણા અધિકારી મિતાબેન ગઢવીનુ શું કહેવું છે

તેવોનો ફોન ઉપર સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું કે ગ્રામજનો ખોટી જીદ પકડીને બેઠા છે અને બદલી કરવી મારી સત્તામાં આવતું નથી અને શિક્ષક કામ ના કરતો હોય તો પગલાં લેવાની મારી પુરી તૈયારી છે પણ બદલી કરી શકું નહીં અને આજે મે વાલીઓને સમજાવવા માટે બીઆરસી, સીઆરસી ટીમ મોકલી છે અને વાલી સર્પક કરી વાલીઓનો સમજાવવામાં આવશે.

## વડગામ તાલુકા પંચાયતના સામાન્ય ન્યાય સમિતિના ચેરમેન દ્વારા

# ટીડીઓ વિરુદ્ધ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરાતાં ખળભળાટ

### વડગામ ડીડીઓ દ્વારા સામાન્ય ન્યાય સમિતિના ચેરમેનને હડધૂત કરતાં હોવાના આક્ષેપ

વડગામ તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના ચેરમેન દ્વારા વડગામ ટીડીઓ વિરુદ્ધ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. વડગામ ટીડીઓ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન આમને સામને આવી જતા તાલુકા પંચાયતમા નવા જુની થવાના એંધાણ વર્તાયા છે. તાલુકા વિકાસ અધિકારી દ્વારા ન્યાય સિમિતિના ચેરમેનને હડતુત કરાતા હોવાના આક્ષેપ રજૂઆતમાં કરવામાં આવ્યા છે.

વડગામ તાલુકાની છનિયાણા ૫ બેઠક પર છનિયાણાના રતિલાલ ચૌહાણ તા.પં.ના સદસ્ય તરીકે ચુટાયા હતા. તાલુકા પંચાયતમાં કોગ્રેસની બહુમતિ હોવાથી કોગ્રેસ દ્વારા તા.પં.ના સા. ન્યાય સમિતિના ચેરમેન પદે રતિલાલ ચૌહાણને બેસાડ્યા હતા. તાલુકા પંચાયતમાં પ્રથમ જ પ્રમુખપદે ગ્રહણ લાગ્યુ હતુ અને તા.પં.માં તેમજ કોગ્રેસમાં વિવાદ સર્જાયો હતો. જે વિવાદ ટળ્યા બાદ અત્યારે વડગામ ટીડીઓ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન આમને સામને આવી ગયા છે. જેમાં ન્યાય સમિતીના ચેરમેન દ્વારા ટીડીઓ વિરૂધ્ધ ઉચ્ચ કક્ષાએ લેખિત રજુઆત કરી જણાવ્યું છે કે અમો ટીડીઓ જોડે કોઈ કામ માટે જઈએ તો અમારી સાથે અસભ્ય વર્તન કરીને અમોને ખરાબ અશબ્દો બોલી હડધૂત કરાય છે, ટીડીઓ તાલુકા પંચાયતમાં સમય સર હાજર પણ રહેતા નથી, સાંજના પોતાના વતન જતા રહે છે અને હેડક્વાર્ટર પણ હાજર રહેતા નથી, પોતાના વતન જવા આવવા માટે સરકારી વાહનનો ઉપયોગ કરવામાં આવતા હોવાના ચોકાવનારો આક્ષેપ કરાયો છે અને પંચાયત ધારાની જોગવાઈ અનુસાર ચેરમેન ને ટીડીઓ દ્વારા કોઈ નોટિસ આપવાનો અધિકાર નથી છતાં પણ સ્પેસ્યલ કેશમાં સામાજિક ન્યાય સમિતિ ના ચેરમેન ને નોટીસ આપીને રાજીનામા ની માંગણી કરાઈ છે અમો લોકો ના પ્રતિનિધિ હોવા છતાં ટીડીઓ દ્વારા અમોને માનસિક ત્રાસ આપવા માં આવે છે. લેન્ડ કમિટી ની બેઠકમા મંજુર થયેલ પ્લોટોની સનદો અને અગાઉની સનદો અરજદારોને આપવા મા આવતી નથી, અને અરજદારો ને ધમકાવીને કાઢી મૂકવા મા આવેછે તેમજ સામાજિક ન્યાય સમિતિની બેઠકમાં વિકાસ માટે લીધેલા ઠરાવોનું અમલીકરણ કરતા નથી,અને એજન્ડા ના મુદાઓ મુજબ એજન્ડા કાઢતા નથી ટીડીઓ મનસ્વી પણે એજન્ડા કાઢીને તાલુકા પંચાયતના પ્રમુખ, અધ્યક્ષ, ચેરમેન કે સદસ્યોને વિશ્વાસમાં લીધા વગર તાલુકા પંચાયતનો વહીવટ મનસ્વી પણે અને જો હુકમથી કરતા રહ્યા હોવાના પણ આક્ષેપ કરાયા છે અમો સા.ન્યાય સમિતિ ના ચેરમેન હોવા છતાં ટીડીઓ ની ઓફિસ માં જતા અમોને ડર લાગે છે અને આવા અમાનુષી વર્તન અને ત્રાસથી તંગ આવી ગયા છીએ,અમારી સામે કરવામાં આવેલા આક્ષેપો તદ્દન ખોટા અને પાયા વિહોણા છે. અને અમારી ઈજ્જત અને પ્રતિષ્ઠા ને ઠેસ પહોંચાડવાની કોશિશ કરાય રહીછે ત્યારે સરકાર દ્વારા જો હુકમી ચલાવતા વડગામ ટીડીઓ ના ત્રાસથી મુક્તિ અપાવવા લેખિતમાં આક્ષેપો કરી ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી છે અને તેમ છતાં ટીડીઓના વર્તનમાં કોઈ સુધારો નહીં થાય તો ૧૦ દિવસમાં ગાંધી ચિંધ્યા માર્ગે આગળ કાર્યવાહી કરવામાં આવેશે તેવી ચીમકી પણ ઉચ્ચારવા મા આવી છે.




### આ અંગે વડગામ ટીડીઓ શું કહે છે

વડગામ ટીડીઓ એ.એચ.પરમારે જણાવ્યું હતું કે તાલુકા પંચાયત ના ચેરમેનનું સરકારી લેણું બાકી છે તેમને ચુટણી સમયે સરકારી લેણુ કોઈજ બાકી ન હોવાનુ જણાવીને છેતરપીન્ડી કરાઇ હોવાથી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરાઈ છે તા.પં ન્યાય સમિતીના ચેરમેન દ્વારા ૨-૨-૨૦૧૯ ના ૨૭૨૦ રૂપિયા ભરેલ છે તેનું ચલણ છે.

તેમને વારંમવાર નોટીસ પણ તેમને નોટિસ આપવા મા આવેલ હતી તેમ છતા જાણી જોયને ગુનો કરાયો છે ખોટું સોગંદ નામું કરવું અને તે ગુનો છે.ત્યારે તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરાશે.

## બાયડના સાઠંબા વિસ્તારમાં

# ક્વોરી ઉદ્યોગમાં ગેરકાયદેસર વેગન બ્લાસ્ટિંગથી પ્રજાજનો ત્રાહિમામ

મોડાસા, તા. ૨૮

બાયડ તાલુકાના સાઠંબા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ક્વોરીઓ આવેલી છે જેમાંથી કેટલાક ક્વોરીનાં લીઝ ધારકો દ્વારા પ્રતિબંધિત વેગન બ્લાસ્ટનો ઉપયોગ કરી બ્લાસ્ટિંગ કરાતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના પ્રજાજનો ભયનો માહોલ ઉભો થયો છે. સાઠંબા નજીક આવેલા કલાજીના મુવાડા ગામના જળસ્રોત પણ ઉંડા જતા રહેતા અને હવામાં પ્રદુષણ ફેલાવાની સાથે ધ્વનિ પ્રદૂષણથી લોકોના કાનમાં બહેરાશ અને ચામડીના રોગનો ભોગ બની રહ્યા છે. સતત થતા વેગન બ્લાસ્ટિંગથી અને સતત ડમ્પર જેવા વાહનોની અવર-જવરથી ગામલોકો અને પશુઓમાં પણ વિકૃતિનું પ્રમાણ વધી રહ્યું હોવાનો જાગૃત યુવાનોએ જણાવ્યું હતું.



લોકોએ જવાબદાર તંત્રમાં રજૂઆત કરવા છતાં તંત્રના અધિકારીઓ ક્વોરીનાં લીઝ ધારકોને છાવરતા હોય તેમ કાર્યવાહી કરવાના બદલે વેગન બ્લાસ્ટને સમર્થન આપતા નિવેદન બાજીથી ગ્રામજનોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે. ગામના જાગૃત યુવાનોએ તંગ આવી ક્વોરીનાં કર્મચારી કે માલિક સાથે ક્વોરીનો વિડિઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ કરાતા ક્વોરી માલિકોમાં ફફડાટ ફેલાયો છે.

બાયડના સાઠંબાની બાજુમા આવેલ કલાજીના મુવાડા ગામ નજીક ત્રણ ક્વોરી બ્લેક ટ્રેપ કાઢવા માટે ધમધમી રહી છે. ત્રણે ક્વોરીનાં લીઝ ધારકો ખુલ્લેઆમ જીલ્લામાં પ્રતિબંધિત એક્સપ્લોઝીવ (વેગન બ્લાસ્ટ)નો ગેરકાયદેસર ઉપયોગ કરી બ્લાસ્ટિંગ કરતાં ગામમાં આવેલા ઘરોને મોટાપાયે નુકશાન થઈ રહ્યું છે. ગામના કુવાઓના

કલાજીના મુવાડા નજીક આવેલી ત્રણ ક્વોરીમાં પ્રતિબંધિત વેગન બ્લાસ્ટ અંગે જવાબદારતંત્રમાં અને લાગતા-વળગતા અધિકારીઓને વારંવાર જાણ કરવા છતાં કોઈપણ કાર્યવાહી કરવામાં આવતી નથી અને ભ્રષ્ટાચારમાં મદમસ્ત બનેલા અધિકારીઓ ત્રણે ક્વોરી ઉદ્યોગના લીઝ ધારકો સામે કાર્યવાહી કરવાના બદલે રજુઆત કરવા જનાર ગ્રામજનોને વારંવાર ઓછા બ્લાસ્ટિંગ કરવા કરતાં વેગન બ્લાસ્ટિંગ સારો હોવાનું જણાવી એકજ બ્લાસ્ટમાં મોટા પ્રમાણમાં રો મટેરીયલ મળતું હોવાથી ક્વોરી ઉદ્યોગને ફાયદો થતો હોવાનું જણાવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે પ્રજાજનોને ભલે વેગન બ્લાસ્ટથી કનડગત થાય પરંતુ ક્વોરી ઉદ્યોગકારોને નફો થવો જોઈએ તેવી નીતિ જોવા મળતી હોવાનો ગામના જાગૃત યુવાનોએ આક્ષેપ કર્યો હતો.

# પ્રાંતિજ હાઈસ્કૂલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો તથા શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ ખાતે પ્રાથમિક વિભાગ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો તથા નિવૃત થતા શાળાના શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો.



પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ પાસે આવેલ પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત શેઠ પી એન્ડ આર હાઈસ્કુલ પ્રાથમિક વિભાગ ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. બાળકોએ દેશભક્તિ ગીત, ફિલ્મી ગીત, ડાન્સ સહિતના કાર્યક્રમોમાં ભાગ લઈને આવનાર મહેમાનો પ્રેક્ષકો વાલીઓના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ વધારવા ગુજરાતી ગાયીકા કિંજલ દવે પણ ઉપસ્થિત રહી હતી અને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા તો બાળકો સાથે ડાન્સ પણ કર્યો હતો. આ પ્રસંગે શાળામાં ફરજ બજાવતા જગદીશભાઈ પંચાલ વય મર્યાદાના કારણે નિવૃત થતા તેવોનુ શાળા પરિવાર તથા આવનાર મહેમાનો દ્વારા શાલ, શ્રીફળ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળામાં વર્ષ દરમ્યાન યોજાયેલ રમત-ગમતમાં ભાગ લેનાર બાળકોને પણ આવનાર મહેમાનોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, નગરપાલિકા કારોબારી અધ્યકક્ષ કોકીલાબેન પટેલ, નગરપાલિકા બાંધકામ સમિતિના ચેરમેન ધવલભાઈ રાવલ, નગરપાલિકા આરોગ્ય સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી આમંત્રિત મહેમાનો વાલીઓ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. શાળાના આચાર્ય હિરેનભાઈ શાહ, જ્યોતિકાબેન પરમાર, સાલેહાબેન પઠાણ, હિનાબેન ઝાલા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આવનાર મહેમાનો તથા વાલીઓ દ્વારા શાળાના આચાર્ય હિરેનભાઈ શાહ તથા શાળાની શિક્ષિકાઓની તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોની કામગીરીને બિરદાવી હતી અને શાળાના આચાર્ય હિરેનભાઈ શાહ તથા શાળાની શિક્ષિકાઓને અભિનંદન પાઠવ્યા હતાં.



# ડીસાના કંસારી બાઈવાડા વચ્ચે છકડો રીક્ષા પલટી

### છકડામાં સવાર વૃદ્ધ મહિલાનું ઘટના સ્થળે મોત, ચાર લોકો ઘભીર રીતે ઘાયલ

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે બપોરે ડીસાના બાઈવાડા અને કંસારી વચ્ચે છકડો રીક્ષા પલટી ખાતા વૃદ્ધ મહિલાનું મોત અને ચાર લોકોને ઘભીર ઈજા થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવો ખૂબ વધીરહ્યા છે. ત્યારે આજે છકડો રીક્ષા ડીસા થી જાવલ તરફ જઈ રહ્યો હતો ત્યારે ડીસાના કંસારી બાઈવાડા વચ્ચે અચાનક કૂતરું આવીજતા છકડા ચાલકે કૂતરાને બચાવા જતા છકડો રીક્ષા પલટી ખાધો હતો. છકડા માં સવાર વૃદ્ધ મહિલાનું ઘટના સ્થળે મોત થયું હતું.આ બનાવના પગલે આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ને અને ડીસા તાલુકા પોલીસ ને જાણકર્તા ૧૦૮ અને ડીસા તાલુકા પોલીસની ટિમ ઘટના સ્થળે દોડી આવી હતી. ઘભીર રીતે ઘાયલ થયેલા ચાર લોકોને સારવાર માટે ડીસાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

### અંકુશરેખા પર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘરમાં રહેવા ગામવાળાઓને ભારતીય સેનાએ સૂચના આપી છે. તોપમારા વચ્ચે બહાર ન ફરવા લોકોને કહેવામાં આવ્યું છે. પાકિસ્તાને ૨૦૧૮માં ૨૯૯૬ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. આ વર્ષે પણ અવિરત યુદ્ધવિરામનો ભંગ પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો છે. પાકિસ્તાન દ્વારા છેલ્લા ત્રણ દિવસ ૨૦ વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધો વિસ્ફોટક સ્તરે પહોંચી ગયા છે ત્યારે જમ્મુકાશ્મીરમાં સરહદી વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસેડી લેવામાં આવ્યા છે. સાથે સાથે સ્કુલોને પણ બંધ રાખવા માટેના આદેશ તંત્ર દ્વારા જારી કરવામાં આવ્યા છે. સરહદી વિસ્તારોમાં તમામ જગ્યાએ ભારે સુરક્ષા જવાનોને તૈનાત કરી દેવામાં આવ્યા છે. યુદ્ધ જેવી સ્થિતી હાલમાં પ્રવર્તી રહી છે. લોકોમાં દહેશત પણ છે. પાકિસ્તાની સૈના દ્વારા નાગરિક વિસ્તારોમાં ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. આજે સતત ત્રીજા દિવસે પાકિસ્તાને સરહદી વિસ્તારોમાં યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. જેનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો.ભારતીય સેનાએ સરહદ પારથી કરવામાં આવેલા ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા લેફ્ટી કર્નલ દેવેન્દ્ર આનંદે કહ્યું હતું કે, ભારતના જડબાતોડ જવાબના કારણે પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. પાકિસ્તાની જવાનોના મોત પણ થયા છે. અંકુશ રેખા ઉપર પાકિસ્તાને ૧૫થી ૨૦ સ્થળો ઉપર ગોળીબાર કર્યો હતો. માનવ શિલ્ડ તરીકે ગામવાળાઓનો ઉપયોગ કરીને નાગરિક આવાસો ઉપરથી આ ગોળીબાર કરાયો હતો. આ કાર્યવાહીમાં પાકિસ્તાનના સૈનિકો પણ ઘાયલ થયા છે. પાકિસ્તાની સેનાએ માનવ કવચ રૂપે અંકુશ રેખા પર રહેતા લોકોના આવાસ પર મોર્ટાર અને મિસાઈલો ઝીંકી હતી. રાજોરી અને પુચ ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો છે. આજે ત્રીજા દિવસે પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. સરહદી વિસ્તારોમાં હાલમાં વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. તમામ ધાર્મિક સ્થળ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. તમામ ગતિવિધી પર નજર છે.

### બ્લેક લિસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે. આ પ્રસ્તાવમાં સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યું છે કે, જૈશે જે ભારતીય અર્ધસૈનિક બળ સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો.

અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે બુધવારે ૧૫ સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પ્રતિબંધ સમિતિનને કહ્યું છે કે, તે મસૂદ અઝહરને વિરૂદ્ધ હથિયાર પ્રતિબંધ, વૈશ્વિક યાત્રાઓ પર પ્રતિબંધ લગાવે અને તેની તમામ સંપત્તિઓ જપ્ત કરે. વીટો પાવરની સત્તા ધરાવતા આ ત્રણેય શક્તિશાળી દેશોએ સંયુક્ત રૂપે મળીને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સમૂહ જૈશ એ મોહમ્મદને બ્લેકલિસ્ટ કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ રજુ કર્યો છે. આપેલા પ્રસ્તાવમાં કાશ્મીરનાં પુલવામા હુમલાનો સંદર્ભ આપ્યો છે. આ પ્રસ્તાવ રજુ થયા બાદ સંયુક્ત રાષ્ટ્રમાં છેલ્લા ૧૦ વર્ષમાં ચોથી વાર આમ કરવામાં આવી રહ્યું છે જેમાં અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાની માંગણી કરવામાં આવશે.જોકે સંયુક્ત રાષ્ટ્રમાં આ પ્રસ્તાવ પાસ થશે કે કેમ, તે પાકિસ્તાનના 'ઓલ વેધર ફ્રેંડ' ચીનના વલણ પર નિર્ભર કરશે. ચીન વીટો પાવર ધરાવતો સુરક્ષા પરિષદનો સ્થાયી સભ્ય છે અને અનેકવાર સંયુક્ત રાષ્ટ્ર વિરૂદ્ધ લગાવવામાં આવેલા સુરક્ષા પરિષદ પ્રસ્તાવને વીટો કરી ચુક્યું છે.

### લાંચ લેતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પીઆઈ આર.એન.પટેલ તથા સ્ટાફે છટકું ગોઠવીને આજે સેક્ટર-૧૧ ખાતે એમ.એસ બિલ્ડીંગ મહાનગર પાલિકા કચેરીની પાછળ ચાની કીટલી પાસેથી રૂ.૭ હજારની લાંચ સ્વીકારતા જયેશ માંડવીયાને રંગેહાથ ઝડપી પાડયા હતા. ગાંધીનગર એસીબીની ટીમે ગુનો દાખલ કરીને તેની ઝીણવટભરી તપાસ શરૂ કર્યુ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજ જયેશ માંડવીયા અગાઉ પણ એન્ટીકરપ્શન બ્યુરોની ઝપટમાં આવી ચૂકયા છે. એસીબીની ટીમે તે દિશામાં પણ વધુ તપાસ આરંભી છે.

### લાલબત્તી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા વર્ષ ૨૦૧૮ માં ૨૧૦૦ જેટલા સ્વજનોના અસ્થિવિસર્જન કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૯૬ થી શહેર વસાહત મહામંડળ દ્વારા અસ્થિવિસર્જન કરી સદગતના અસ્થિઓને હરિદ્વાર ખાતે હરકીપેડીમાં વિસર્જન કરવાનુ કાર્ય હાથ ધરાયુ છે. જેમાં મહામંડળના શશીકાંત મોઢા, નિલેન્દુ વોરા, ઉલ્લાસ વોરા, જે કે પટેલ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ સીતારામ પટેલ તેમજ ચન્દ્રકાન્ત જોષી, મુકેશ શુકલ અને જીલુભા ધાંધલ સહીતના સભ્યો ઉમદા સેવા આપે છે. મહામંડળ દ્વારા પ્રાર્થના સભા તેમજ પુષ્પાંજલી અર્પણ કરીને અસ્થિઓનુ વિસર્જન કરવામાં આવે છે.

### પાકની ખાતરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાન ત્રાસવાદ સહિતના તમામ મુદ્દા પર વાતચીત માટે તૈયાર છે. બીજી બાજુ અમેરિકાએ કહ્યું છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી ઘટવાના સંકેત છે. અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરના પુલવામા વિસ્તારમાં સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને આત્મઘાતી હુમલો કરવામાં આવ્યા બાદ ભારત દ્વારા પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પોક)માં ઘુસીને ત્રાસવાદીઓના તમામ અડ્ડાઓને ફુંકી મારવામાં આવ્યા બાદ હવે વિશ્વના દેશો ભારતની સાથે દેખાઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ અને અમેરિકાએ ભારતને ત્રાસવાદી કેમ્પો પર ભારતીય સેના દ્વારા ભીષણ હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ આ મુદ્દે સાથ આપીને તેની સાથે ઉભા હોવાની સાફ વાત કરી છે. ઓસ્ટ્રેલિયા અને ફ્રાન્સ બાદ હવે અમેરિકાએ પણ ભારતની સાથે મજબુતી સાથે ઉભા રહીને કહ્યુ છે કે પાકિસ્તાનને હજુ ત્રાસવાદી કેમ્પોનો સફાયો કરવો પડશે. સાથે સાથે અમેરિકાએ ભારતના હવાઈ હુમલા બાદ કોઈ જવાબી કાર્યવાહીથી દુર રહેવા પાકિસ્તાનને સ્પષ્ટ સલાહ પણ આપી છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે જમ્મુ કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર આત્મઘાતી હુમલો કરાયો હતો.

### પાકિસ્તાન ઝુક્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યારબાદથી સ્થિતિ વિસ્ફોટક બનેલી હતી. આખરે વિંગ કમાન્ડરને લઈને જોરદાર દબાણ પાકિસ્તાન ઉપર લાવવામાં આવ્યું હતું. ત્યારબાદથી સ્થિતિ ઝડપથી બદલાઈ રહી હતી. સ્થિતિ વિસ્ફોટક પણ બની રહી હતી. યુદ્ધ જેવું વાતાવરણ થઈ ગયું હતું. પાકિસ્તાનને એવો ભય પણ હતો કે, અભિનંદનને છોડાવવા માટે ભારત કોઈ મોટી કાર્યવાહી કરી શકે છે. ઈમરાન ખાનના સંબોધનમાં આ અંગેની દહેશત સ્પષ્ટપણે નજરે પડી હતી. ઈમરાને કહ્યું હતું કે, અમે ભારતને એક સંદેશ આપ્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરવાના પ્રયાસ પણ કરવામાં આવ્યા હતા. દુનિયાના અનેક દેશો સાથે વાતચીત કરીને તંગદિલી ઘટાડવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. ઈમરાને પોતે કહ્યું હતું કે, પાકિસ્તાનને એવી શંકા હતી કે, કોઈ મિસાઈલ હુમલો થઈ શકે છે. પાકિસ્તાની સંસદમાં બોલતા ઈમરાન ખાને પોતાની સરકારની પ્રશંસા કરતા કહ્યું હતું કે, કરતારપુર કોરિડોરને તંગદિલી ઘટાડવા માટે ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પુલવામામાં હુમલા અંગે ફરીવાર ઈમરાને કોઈ વાત કરી ન હતી. ઈમરાને કહ્યું હતું કે, સાઉદી ક્રાઉન પ્રિન્સ એ વખતે પાકિસ્તાન આવ્યા હતા જ્યારે પુલવામાની ઘટના બની હતી. ક્રાઉન પ્રિન્સ આવ્યા ત્યારે એવા કયા દેશના લોકો હશે જે આ પ્રકારના હુમલા કરાવી શકે છે. આનાથી પાકિસ્તાનને શુ મળવાનું હતું. ઈમરાને એમ પણ કહ્યું હતું કે, ભારતે પુલવામા અંગે દસ્તાવેજો હવે આપ્યા છે. ભારતે બે દિવસ પહેલા જ કાર્યવાહી પણ કરી દીધી છે. આ ગાળા દરમિયાન ઈમરાને પાકિસ્તાનની તાકાતનો પણ પરિચય આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાને ગઈકાલે જ ભારતના બે જેટ વિમાનો તોડી પાડ્યા હતા.